પરદેશમાં રહું છું, તે તો જાણે જાહેર છે. જ્યાં રહેતાં હોઈએ તેના જીવન સાથે પરિચય કેળવીએ એનો અર્થ એ નહીં કે પોતાના દેશથી વિમુખ થઈ જવું. હું પોતે તો બાદબાકી કરવામાં નહીં, પણ સરવાળો કરવામાં માનું છું. બધી જગ્યાનાં જીવનમાં દુષણો પણ હોય છે, ને પ્રશસ્ય તત્ત્વો પણ. આ જાણ અને સભાનતા હોય તો બધું સમજાય છે, ને બધું પસંદ પણ પડે છે.

આખી દુનિયામાં ફરું ત્યારે બધે ભારતીય તરીકેની ઓળખાણ જ પામું છું. પણ જ્યારે મારા પોતાના જન્મ-સ્થાને આવું છું ત્યારે 'અમેરિકન' તરીકે ખપી જાઉં છું. ધૂળ, ધમાલ, ઘોંઘાટ, ગંદકીની ફરિયાદ હું કરતી નથી હોતી, પણ દર વખતે એકાદ-બે જણ પાસેથી સાંભળવાનું થાય જ, કે મને અમુક નહીં ગમતું હોય, કે અમુક નહીં ફાવે વગેરે. આમાં કૈંક વક્રતા લાગે છે. જેને હું વતન ગણતી હોઉં તેમાં જ પરદેશી ગણાઈ જવું તે એક વિષમતા લાગે છે.

અમેરિકા ગયા પછી પહેલી વાર બે વર્ષની અંદર ભારત પાછી આવી હતી. એ દરમ્યાન મેં મારી જાતને મોટી, પુખ્ત, અનુભવી થઈ ગયેલી માની હતી. મુંબઈના વિમાન-મથકે વિમાનમાંથી ઊતરીને દેશની ભૂમિ પર પગ મૂકતાં જ, મુસાફરોને સામે ઊભેલી બસ તરફ વાળતાં એક કર્મચારીએ મને કહ્યું, "બેબી, પેલી બાજુ જાઓ", ને મારો ભ્રમ ભાંગી ગયો ! આટલા ટૂંકા ગાળાની અંદર હું પરિપક્વ અને ડહાપણવાળી થઈ ગઈ હોઉં એવું કોઈ માનવાનું નથી, તે હું સમજી ગઈ. એમ કરતાં ઘણાં વર્ષો લાગશે. ને તે પછી પણ એવું થશે કે નહીં, તે ત્યારે પણ હું વિચારી શકી નહતી.

વર્ષોથી જે લોકો આપણને અમુક રીતે જાણતા કે પ્રમાણતા હોય તે બધા મત બદલી શકતા નથી, જુદી નજરે જોઈ શકતા જ નથી. હું સંબંધોની – નાતજાતની – બંધનકારી વ્યાખ્યામાંથી મોટે ભાગે બહાર નીકળી ગઈ છું, અને જીવતી, જાગતી, જોતી, સમજતી  એક વ્યક્તિ બની ગઈ છું; ને તે મોટે ભાગે, પસંદ ના પડે તેવી કોઈ હકીકત થઈ જતી હોય છે.

જીવન ચાલ્યા કરે છે. જેને હું ઘર ગણું છું ત્યાંના વિરોધાભાસો અને વિરોધો કનડ્યા કર્યા, પણ ઝુરાપો ક્યારેય ઘટ્યો નહીં. ઘણાં મને પૂછે કે "તો પછી અહીં જ કેમ આવી જતી નથી?", પણ એ સહેલાઈથી સમજાવાય કઈ રીતે? જે વ્યક્તિપણું અને મનમાંની ઉદારતા મેં મેળવ્યાં છે, તે પરદેશમાં એકલાં વર્ષો કાઢ્યા પછી, ઘણાં અનુભવ અને મુશ્કેલીઓને આધારે મેળવ્યાં છે. મનની અંદર સર્જેલાં ઊર્જા અને આનંદ મારે ઉપરછલ્લાં રુઢિ, વિધિ, આચાર, ઔપચારિકતા સામે ઝઝુમવામાં વેડફી નથી દેવાં.

કેટલાયે વહેવારોની મને જાણ પણ નથી. એક વાર એક બહેનપણીએ મને પૂછ્યું, કે કોઈના ઘરના વાસ્તુનું આમંત્રણ એના પર સીધું નહીં, પણ ઘેર ભાઈ-ભાભી પર આવ્યું હોય, તો પણ એણે 'કવર' આપવું પડે? આવો રિવાજ હોય, કે આવા રિવાજ વિષે વિચારવું પડે, એ સાંભળીને જ મને નવાઈ લાગી. એક બાજુ ફરિયાદ સંભળાતી હોય છે, કે "બહુ જ વધી ગયું છે", પણ બીજી બાજુ, ઈચ્છા વગર આવા ને બીજા ઘણાયે રિવાજોમાં નહીં ઘસડાવાનો નિર્ણય કોઈ લેતું નથી. કપડાં-ઘરેણાં પાછળ જે લોકોને અઢળક પૈસો ખરચતાં

જોઉં છું તે બધાં કોઈ પુસ્તક ખરીદતાં કે સામયિકોને જરૂરી દાન આપતાં અચકાતાં ને કચવાતાં દેખાય છે. મને બહુ વિમાસણ થતી રહે, કે આ બધું શું છે?

બહાર જવાથી, બહાર રહેવાથી ઘણું બધું શિખાય છે. વ્યાપક સંદર્ભમાં જોતાં દૃષ્ટિકોણ બદલાય છે. આ ‘બહાર ’ જવું એટલે ફક્ત ભૌતિક કે શારીરિક અર્થમાં નહીં, પણ મનને ‘બહાર’ લઈ જવામાં છે. ફિલસૂફી વિચારોમાં ‘અંદર’ ઊંડે ઊતરવાનું મહાત્મ્ય ગણાય છે, પણ બહાર ગયા વગર આંદર આવી ક્યાંથી શકાય? ને અંદરનું ફક્ત ઊંડું જ નહીં, પહોળું પણ કરવાનું હોય છે. એટલું પહોળું કે મનની અંદર દેશ ને પરદેશ બંને, સારું ને નરસું બંને સમાઈ જાય.

કોઈ પણ સ્થાનના જીવનમાં બે પાસાં હોય છે જ – સારું અને નરસું, એમ બે. ક્યારેક લોકોથી આ ભુલાઈ જતું હોય છે. પરદેશમાં રહેનારાં કેટલાંયે ભારતીયો દેશ માટે ઝુરતાં હોય છે, ને દેશમાંના અસંખ્ય લોકોને પશ્ચિમનો મોહ હોય છે. ઉપરછલ્લું આકર્ષણ, પણ પશ્ચિમ વિષેની સમજણમાં અધૂરપ રહેતી હોય છે. ત્યાં પણ મૂલ્યો છે, તેની જાણ હોવી પણ જરૂરી છે.

વતનમાં જાણે માણસોના જીવની કશી કિંમત નથી લાગતી, ને એમના મનની કિંમત પણ નથી હોતી. કૃષ્ણમૂર્તિ અને બીજા વિચારકો બંધનરહિતતાની વાતો કરી જાય છે. એની અસર એમનાં વાચકો સુધી જ સીમિત રહે છે. શું રોજના જીવનમાં જ એટલા સંઘર્ષો છે કે આદર્શોનું સેવન કરીને ટકાય જ નહીં? મનના આનંદનો આધાર પણ શું ગંભીર, ઉત્તમ વાંચન પર ના રહી શકે?

વ્યક્તિને વ્યક્તિ તરીકે જ અપનાવવાનો આગ્રહ રાખી ના શકાય? સમાજના રોજિંદા ઘણા વહેવારોમાં વ્યક્તિ પ્રત્યે થતો અન્યાય ને અનાદર જો દુ:ખકર બને, તો જ એ અટકાવી શકાય ને? (દેશના, પરદેશના) જીવનના અર્કને પામવાનો પ્રયત્ન તો કરી શકાય ને? – પછી ભલે ઓછેવત્તે અંશે સફળ થઈએ, અથવા નિષ્ફળ પણ થઈએ.

( ૭૨૦ શબ્દ ) ---- પ્રીતિ સેનગુપ્તા